# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇઝરાયલના પ્રધાનમંત્રી સાથે ફોન પર વાત કરી - દ્વિપક્ષિય સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વિપક્ષ પર ઘૂસણખોરીનો પોષવાનો આરોપ લગાવ્યો

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મણિપુરની બે દિવસની મુલાકાતે ઇમ્ફાલ પહોંચશે.

4) ફ્લાઇટ રદ અને વિલંબની સમસ્યાને નિવારવા નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે ગુરુગ્રામમાં ઇન્ડિગોની કોર્પોરેટ ઓફિસમાં દેખરેખ ટીમ મૂકી

5) ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બીજી T20 ક્રિકેટ મેચ આજે સાંજે ચંદીગઢ ખાતે રમાશે.

……………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-ISREAL PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ, ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી. ટેલિફોનિક વાતચીત દરમિયાન, બંને નેતાઓએ ભારત-ઇઝરાયલ વ્યૂહાત્મક ભાગીદારીમાં સતત ગતિ પર સંતોષ વ્યક્ત કર્યો અને પરસ્પર લાભ માટે આ સંબંધોને વધુ મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો

બંને નેતાઓએ આતંકવાદની સખત ટિકા કરી અને આતંકવાદ પ્રત્યે શૂન્ય-સહિષ્ણુતાના અભિગમને વધુ મજબૂત કર્યો.

પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું કે, તેઓએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું. શ્રી મોદીએ ગાઝા શાંતિ યોજનાના વહેલા અમલીકરણ સહિત  ન્યાયી અને ટકાઉ શાંતિ માટેના પ્રયાસો માટે ભારતના સમર્થનને પુનઃપુષ્ટિ આપી.

# PM ITALY DPM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે નવી દિલ્હીમાં ઇટાલીના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી એન્ટોનિયો તાજાનીને મળ્યા હતા. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું હતું કે, ભારત-ઇટાલી મિત્રતા વધુ મજબૂત બની રહી છે, જેનાથી આપણા લોકો અને વૈશ્વિક સમુદાયને લાભ થાય છે.

શ્રી મોદીએ કહ્યું કે, શ્રી તાજાનીએ વેપાર, રોકાણ, સંશોધન, નવીનતા, સંરક્ષણ, અવકાશ, જોડાણ, આતંકવાદ વિરોધી, શિક્ષણ અને પરસ્પર સંબંધો

જેવા મુખ્ય ક્ષેત્રોમાં ઇટાલી-ભારત સંયુક્ત વ્યૂહાત્મક કાર્ય યોજના 2025-2029 ના અમલીકરણ તરફ બંને પક્ષો દ્વારા લેવામાં આવેલા પગલાંની પણ પ્રશંસા કરી.

# AMIT SHAH SIR

ગઈકાલે લોકસભામાં ચૂંટણી સુધારા અને મતદાર યાદીઓના ખાસ સઘન સંશોધન (SIR) પર ઉગ્ર ચર્ચા થઈ. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વિપક્ષ પર આરોપ લગાવ્યો કે, તેઓ તેમની મત બેંક સુરક્ષિત કરવા માટે ઘૂસણખોરોને રક્ષણ આપી રહ્યા છે.

શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે SIRનો ઉદ્દેશ નકલી એન્ટ્રીઓ અને ઘૂસણખોરીને દૂર કરીને મતદાર યાદીઓને શુદ્ધ કરવાનો છે.

## બાઇટ: અમિત શાહ

શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું કે, SIRનો હેતુ કોઈ સમુદાયને નિશાન બનાવવાનો નથી પરંતુ લોકશાહીની જાળવણી કરવાનો છે

# RAJYSABHA

રાજ્યસભામાં આજે રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ" ની 150મી વર્ષગાંઠ પર વધુ ચર્ચા કરાશે. આ ચર્ચા કેન્દ્રીય મંત્રી અને ગૃહના નેતા જેપી નડ્ડાના સંબોધન સાથે સમાપ્ત થશે. આ પછી, રાજ્યસભા ચૂંટણી સુધારા પર ચર્ચા શરૂ કરશે.

# VISHNAV RAILWAY

ભારતીય રેલ્વેએ નાણાકીય વર્ષ 2023-24માં મુસાફરીને સસ્તી બનાવવા માટે 60 હજાર કરોડથી વધુની સબસિડી આપી છે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે, ગઈકાલે લોકસભામાં એક પૂરક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે મુસાફરોને આપવામાં આવતી સબસિડી કુલ મુસાફરી ખર્ચના 45 ટકા  છે.

તેમણે જણાવ્યું હતું કે ભારતીય રેલ્વેનું ભાડુ વિશ્વના દેશોની સરખામણીમા સૌથી ઓછુ છે. રેલવે મંત્રીએ કહ્યું કે ભારત પડોશી દેશોની તુલનામાં તેના મુસાફરોને સૌથી સસ્તું પરિવહન પૂરૂં પાડી રહ્યું છે.

# PREZ MANIPUR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મણિપુરની બે દિવસની મુલાકાતે ઇમ્ફાલ પહોંચશે. તેમની મુલાકાત દરમિયાન, તેઓ રાજ્યમાં યોજાનારી ઔપચારિક અને વિકાસલક્ષી કાર્યક્રમોમાં ભાગ લેશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે બપોરે ઇમ્ફાલ પહોંચશે અને તેમને પરંપરાગત ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. ત્યારબાદ તેઓ ઐતિહાસિક મેપલ કાંગજેઇબુંગની મુલાકાત લેશે અને રાજ્યના સમૃદ્ધ રમતગમત વારસાની ઉજવણી કરતી પોલો પ્રદર્શન મેચ જોશે.

ઉલ્લેખનીય છે કે આધુનિક પોલો રમત મણિપુરથી ઉદ્ભવી હતી. સાંજે, રાષ્ટ્રપતિ ઇમ્ફાલના સિટી કન્વેન્શન સેન્ટર ખાતે મણિપુર સરકાર દ્વારા આયોજિત નાગરિક સ્વાગત સમારોહમાં હાજરી આપશે.

# DGCA

વ્યાપક ફ્લાઇટ રદ અને વિલંબ બાદ નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) એ ગુરુગ્રામમાં ઇન્ડિગોની કોર્પોરેટ ઓફિસમાં સતત દેખરેખ રાખવા માટે ટીમની રચી છે. એક આદેશમાં, DGCA એ જાહેરાત કરી હતી કે આ પગલાનો હેતુ ફ્લાઇટ વિલંબ અને રદ થવાથી મુસાફરોને થતી અસુવિધાને દૂર કરવાનો છે.

ડેપ્યુટી ચીફ ફ્લાઇટ ઓપરેશન્સ ઇન્સ્પેક્ટર કેપ્ટન વિક્રમ શર્માની આગેવાની હેઠળની આઠ સભ્યોની ટીમ કોકપિટ અને કેબિન સ્ટાફ બંને માટે કાફલાની સંખ્યા, ક્રૂ ઉપલબ્ધતા, ઉપયોગના કલાકો, અનિયંત્રિત રજાઓ અને સ્ટેન્ડબાય ક્રૂ સહિતના મુખ્ય ઓપરેશનલ ક્ષેત્રોનું નિરીક્ષણ કરશે. એરલાઇનની ઓફિસમાં દૈનિક રોટેશનલ ધોરણે બે સભ્યો તૈનાત રહેશે. આ ઉપરાંત, DGCA અધિકારીઓ ઐશ્વર સિંહ અને મણિ ભૂષણ દૈનિક રદ, રિફંડ પ્રક્રિયા, સમયસર કામગીરી, મુસાફરોનું વળતર અને સામાન ડિલિવરીનો ટ્રેક રાખશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SIR-GUJARAT

ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હેઠળ ગણતરીના તબક્કાની 99 ટકા કરતા વધુ કામગીરી પૂર્ણ થઈ છે. જ્યારે 27 જિલ્લાએ 100 ટકા કામગીરી પૂર્ણ કરી છે.

ગણતરીના તબક્કાના છેલ્લા ચરણમાં 18 લાખથી વધુ અવસાન પામેલ મતદારો જ્યારે 10.26 લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા. સાથે 40.44 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

પ્રસ્તુત છે એક અહેવાલ....

V/C APARNA KHUNT

# INDIA-MALAYSIA-JOINT MEETING

ભારત અને મલેશિયાએ આતંકવાદ અને આંતરરાષ્ટ્રીય ગુનાઓ સામે સહયોગ મજબૂત કરવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

નવી દિલ્હીમાં ભારત-મલેશિયા સંયુક્ત કાર્યકારી જૂથ પર આતંકવાદ વિરોધી અને આંતરરાષ્ટ્રીય ગુનાઓની ત્રીજી બેઠક દરમિયાન, બંને પક્ષોએ પ્રાદેશિક અને વૈશ્વિક આતંકવાદના પરિદ્રશ્ય પર ચર્ચા કરી.

આ બેઠકની સહ-અધ્યક્ષતા ભારતના વિદેશ મંત્રાલયમાં સંયુક્ત સચિવ વિનોદ બહાદે અને મલેશિયા મંત્રાલયના અંડર સેક્રેટરી (ગૃહ) મોહમ્મદ અઝલાન બિન રઝાલીએ કરી હતી.

બંને પક્ષોએ આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓની નિંદા કરી હતી અને આતંકવાદનો વ્યાપક અને ટકાઉ રીતે સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

મલેશિયાનું પ્રતિનિધિમંડળ આજે રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ મુખ્યાલયની મુલાકાત લેશે. ભારત અને મલેશિયા સંયુક્ત કાર્યકારી જૂથની ચર્ચાઓનો આગામી રાઉન્ડ કુઆલાલંપુરમાં યોજવા પર સંમત થયા.

# LS -PRASAR BHARTI

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને જણાવ્યું હતું કે, આકાશવાણી અને દૂરદર્શન આપત્તિ ચેતવણીઓ અને કલ્યાણકારી યોજનાઓ વિશેની માહિતી છેવાડાના લોકો સુધી પહોંચાડે છે, જે જાહેર પ્રસારણકર્તા પ્રસાર ભારતીનો એક ભાગ છે.

લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને જણાવ્યું હતું કે, ગ્રામીણ, અંતરિયાળ અને સરહદી વિસ્તારોમાં કલ્યાણકારી યોજનાઓ, જાહેર સલાહ અને આપત્તિ સંબંધિત માહિતીનો પ્રસાર કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

તેમણે ઉમેર્યું હતું કે પ્રસાર ભારતી તેના સોશિયલ મીડિયા દ્વારા દેશના દરેક નાગરિક સુધી માહિતી પહોંચાડે છે. "ન્યૂઝ ઓન એર" એપ પર 260 થી વધુ ઓલ ઈન્ડિયા રેડિયો સ્ટેશનો પરથી પ્રસારણ પણ ઉપલબ્ધ છે. ડૉ. મુરુગને એમ પણ જણાવ્યું હતું કે પ્રસાર ભારતીએ વેવ્સ ઓટીટી પ્લેટફોર્મ શરૂ કર્યું છે, જે

દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડિયો ચેનલો તેમજ પસંદગીના ખાનગી સમાચાર અને મનોરંજન ચેનલોનું જીવંત પ્રસારણ કરે છે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે ડીડી ફ્રી-ડિશ દ્વારા દરેક નાગરિક માટે માહિતીની પહોંચ સુનિશ્ચિત કરવામાં આવી છે. ડાયરેક્ટ ટુ હોમ (DTH) પ્લેટફોર્મ ગ્રામીણ અને સરહદી વિસ્તારો સહિત દેશભરમાં કવરેજ પૂરું પાડે છે. બધી દૂરદર્શન ચેનલો, 48 ઓલ ઈન્ડિયા રેડિયો ચેનલો, પસંદગીની ખાનગી ચેનલો અને 260 થી વધુ શૈક્ષણિક ચેનલો DTH પર ઉપલબ્ધ છે.

## CRICKET

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બીજી T20 ક્રિકેટ મેચ આજે સાંજે 7 વાગ્યે ચંદીગઢના મહારાજા યાદવિન્દ્ર સિંહ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે.

સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ભારતીય ટીમ પાંચ મેચની T20 શ્રેણીમાં 1-0થી આગળ છે. કટકમાં રમાયેલી પ્રથમ મેચમાં ભારતે, દક્ષિણ આફ્રિકાને 101 રનથી હરાવ્યું હતું. હાર્દિક પંડ્યાની વાપસીથી ટીમ મજબૂત બની છે. વાઇસ-કેપ્ટન શુબમન ગિલે પણ ટીમમાં વાપસી કરી છે.

શ્રેણીની ત્રીજી મેચ ધર્મશાળામાં, ચોથી લખનૌમાં અને અંતિમ મેચ અમદાવાદમાં રમાશે.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં દિવાળીને યૂનેસ્કોની સાંસ્કૃતિક વારસાની યાદીમાં સ્થાન,ઇંડિગોને વળતર ચૂકવવા અદાલતનો આદેશ અને SIR ની ચર્ચા દરમ્યાન ગૃહ મંત્રી અમિત શાહના નિવેદન સહિતના સમાચાર  મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
- સંદેશનું મુખ્ય શીર્ષક છે – દિપાવલી પર્વને યુનેસ્કોની સાંસ્કૃતિક વારસાની યાદીમાં સ્થાન
- દિવ્ય ભાસ્કર લખે છે –ઇંડિગો મુસાફરોને તાત્કાલિક વળતર આપે,સરકારે મનસ્વીપણે ભાડું કેમ વસૂલવા દીધું :કોર્ટ
- ફૂલછાબનું મુખ્ય શીર્ષક છે- ઘુષણખોરો નક્કી ન કરે કે CM –PM કોણ બનશે:શાહ